# અધિસુચન

## ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬
## ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો – ૧૯૭૯, નિયમ – ૨૬ (૯)
## નગર રચના યોજના સુરત નં.૧૯ (કતારગામ)

## (પ્રારંભિક યોજના)

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો – ૧૯૭૯, નિયમ–૨૬(૯) અનુસાર નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ–૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઈ મુજબ મેં આજરોજ તા. ૦૭/૦૭/૨૦૦૫ ને ગુરૂવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેના પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો જાહેર કર્યા છે.

સદરહુ નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૫૨(૨) તેમજ કલમ–૬૪ની જોગવાઈઓ અનુસાર, સદર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં સદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૫૨(૨) તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો–૧૯૭૯, નિયમ–૨૬(૯)ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટો માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા ફોર્મ 'જે' ની નકલ આ યોજનામાં સમાવિષ્ટ કરેલ સંબંધિત જમીન માલિકોને, તેમજ હિત સંબંધ ધરવાતી વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોકત યોજનાની એક નકલ તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓ સાથે રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન, નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં નીચેના સરનામે જોવા મળી શકશે. આ યોજના સમજાવવા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્થળ :– સુરત.
તારીખ :– ૦૭/૦૭/ ૨૦૦૫

(ડી. એમ. પટેલ)
નગર રચના અધિકારી,
નગર રચના યોજના,
સુરત નં.૧૯(કતારગામ)
સુરત.

<u>સરનામું</u> :–
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
મ્યુનિસિપલ બીલ્ડીંગ, ત્રીજા માળે,
બમનજી શેરીના નાકે, રૂઘનાથપુરા, મેઈન રોડ,
સુરત.

DOP No.
Date: ۲۹